# આઈપીએલ-૮ માટે ખેલાડીઓની હરાજી

## યુવરાજ પર સૌથી ઉંચી ૧૬ કરોડની બોલી : દિલ્હી ડેરડેવિલ્સે ગળાકાપ સ્પર્ધાના અંતે યુવરાજને મેળવ્યો : કાર્તિકને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ૧૦.૫ કરોડમાં અને શ્રીલંકાના મેથ્યુસને ડેરડેવિલ્સે ૭.૫ કરોડમાં ખરીદી લીધો : પ્રથમ દિવસે ૬૭ ખેલાડીની બોલી

નવીદિલ્હી,તા. ૧૬

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે, નવેસરની આઈપીએલ માટે આજે હરાજી કરવામાં આવી હતી. આ હરાજીમાં આજે તમામ ખેલાડીઓને પાછળ



છોડીને ભારતના સ્ટાર ખેલાડી યુવરાજસિંહે બાજી મારી લીધી છે. યુવરાજસિંહ સૌથી મોંઘો ખેલાડી તરીકે ઉભરીને સપાટી ઉપર આવ્યો હતો. યુવરાજને દિલ્હી ડેરડેવિલ્સે ૧૬ કરોડની જંગી રકમથી ખરીદી લીધો હતો જ્યારે એન્જેલો મેથ્યુસને પણ ડેરડેવિલ્સે ૭.૫ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. અન્ય કેટલાક ખેલાડીઓ ઉપર પણ ઉંડી બોલી લાગી હતી. યુવરાજને લઈને ભારે ઉત્સુકતા રહી હતી. યુવરાજ ઉપર સૌથી પહેલા પાંચ કરોડની બોલી લાગી હતી. ત્યારબાદ આરસીબીએ ૫.૫ કરોડની બોલી લગાવી હતી. ડેરડેવિલ્સે ઉતાવળમાં આઠ કરોડની બોલી લગાવી હતી. ત્યારબાદ આરસીબીએ યુવરાજને નવ કરોડની બોલી લગાવી હતી. છેલ્લે ડેરડેવિલ્સે ૧૦ કરોડની બોલી લગાવી હતી. ત્યારબાદ આરસીબીએ ૧૦.૫ કરોડ અને ત્યારબાદ તેને વધારીને ૧૧.૫ કરોડ કર્યો હતો. મોડેથી આ બોલી જારી રહી હતી. યુવરાજને લઈ લેવા ખેંચતાણનો દોર રહ્યો હતો. આરસીબીએ ૧૨.૫ કરોડ, ડેરડેવિલ્સે ૧૩ કરોડ, ત્યારબાદ ૧૩.૫ કરોડ, ત્યારબાદ ૧૪ કરોડ અને ૧૪.૫ કરોડની બોલી લગાવી હતી. ડેરડેવિલ્સે યુવરાજ માટે ૧૫ કરોડની બોલી લગાવી હતી. ત્યારબાદ આરસીબીએ ૧૫.૫ કરોડની બોલી લગાવી હતી. ત્યારબાદ અંતે ડેરડેવિલ્સે આનાથી પણ ઉપર જઈને ૧૬ કરોડની બોલી લગાવી હતી જે અંતિમ સાબિત થઈ હતી. ત્યારબાદ રોયલ ચેલેન્સર બેંગ્લોરે વિકેટકિપર બેટ્સમેન દિનેશ કાર્તિક માટે ૧૦.૫ કરોડની સફળ બોલી લગાવી હતી. મુંબઈ ઈન્ડિયન્સે ઓસ્ટ્રેલિયાના એરોન ફિન્ચને ૩.૫ કરોડમાં મેળવી લીધો હતો. જ્યારે સનરાઈઝ હૈદરાબાદે ઈંગ્લેન્ડના કેપ્ટન મોર્ગનને ૧.૫ કરોડ રૂપિયામાં મેળવી લીધો હતો. કિંગ્સ ઈલેવને ચેન્નાઈ સુપર કિંગ્સના ઓપનિંગ બેટ્સમેન મુરલી વિજયને ત્રણ કરોડમાં મેળવી લીધો હતો. તેની બેઝ પ્રાઈઝ ૫૦ લાખ રૂપિયા હતા. ન્યુઝીલેન્ડના વિલિયમસનને સનરાઈઝે ૬૦ લાખમાં મેળવ્યો હતો. કેવિન પિટરસનને સનરાઈઝે બે કરોડમાં મેળવી લીધો હતો. ઈરફાન પઠાણને ચેન્નાઈ સુપર કિંગ્સે ૧.૫ કરોડ અને ઝહીર ખાનને દિલ્હી ડેરડેવિલ્સે ચાર કરોડમાં મેળવી લીધો હતો. હરાજી પહેલા કુલ ૧૨૨ ક્રિકેટરોને ટીમોએ ૨૦૧૫ની સિઝન માટે જાળવી રાખ્યા છે જેમાં ૭૮ ભારતીય અને ૪૪ વિદેશી ખેલાડી સામેલ છે. છ ભારતીયોને આ વર્ષે ખેલાડીઓની હરાજીમાં સામેલ કરાયા છે જે ખેલાડીઓને હજુ સુધી કોઈ ખરીદદાર મળ્યા નથી તે ખેલાડીઓની હરાજી મોડેથી પણ થઈ શકે છે. હરાજીમાં ૩૪૪ ખેલાડીઓની બોલી બોલાઈ છે. વેસ્ટઈન્ડિઝ અને ન્યુઝીલેન્ડના ખેલાડીઓને લઈને ગુંચવણ છે. કારણ કે, આઈપીએલની મેચો દરમિયાન આ ખેલાડીઓ ઉપલબ્ધ થાય તેવી શક્યતા ઓછી છે. આઈપીએલની મેચો આઠમી એપ્રિલથી ૨૪મી મે વચ્ચે રમાશે. પ્રથમ દિવસે ૬૭ ખેલાડીઓની બોલી લાગી હતી જેમાં ૨૩ વિદેશી ખેલાડીઓ સામેલ છે. ૨૪મી મેના દિવસે આઈપીએલની ફાઈનલ મેચ કોલકાતામાં રમાશે.

# સેંસેક્સ ૪૧ પોઈન્ટ ઉછળી ૨૯૧૩૬ની નવી સપાટીએ

## ફુગાવાને લઇને પરિસ્થિતિ હળવી બની : હોલસેલ પ્રાઇઝમાં ઘટાડો

મુંબઈ, તા. ૧૬

શેરબજારમાં આજે હકારાત્મક માહોલ સાથે ફલેટ કારોબાર રહ્યો હતો. કન્ઝ્યુમર ગુડ્ઝ કંપનીઓ સાથે સંબંધિત શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. આજે કારોબારના અંતે સેંસેક્સ ૪૧ પોઈન્ટ ઉછળીને ૨૯૧૩૬ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪ પોઈન્ટ ઉછળીને ૮૮૦૯ની સપાટીએ રહ્યો હતો. આજે જારી કરવામાં આવેલા સત્તાવાર આંકડા મુજબ જાન્યુઆરી મહિનામાં હોલસેલ કિંમતોમાં ૦.૩૯ ટકાનો ઘટાડો થયો છે.ત્રણ મહિનામાં બીજી વખત ઘટાડો નોંધાયો છે. ફ્યુઅલની કિંમતોમાં ઘટાડો થયા બાદ આ સ્થિતિ સર્જાઈ છે. આજે જારી કરવામાં આવેલા આંકડાને લઈને ચર્ચાઓનો દોર રહ્યો હતો. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ શુક્રવારે ૩૯૦ કરોડની કિંમતના ઈક્વિટીની ખરીદી કરી હતી. એફએમસીજી ઈન્ડેક્સમાં ૧.૮ ટકાનો સૌથી મોટો ઉછાળો નોંધાયો હતો. જ્યારે રિયાલીટી, પાવર, ઓટો, કેપિટલ ગુડ્ઝના શેરમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. ઓઈલ એન્ડ ગેસ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર અને બેંકેક્સમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. આઈટીમાં ૧.૮ ટકાનો ઉછાળો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપમાં મિશ્ર સ્થિતિ રહી હતી. માર્કેટ બ્રીડ્થ નબળી રહી હતી. ૧૩૭૭ શેરમાં મદી અને ૧૨૫૧ શેરમાં તેજી રહી હતી. શેરબજારમાં તેજીનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. શુક્રવારે પણ તેજી જારી રહી હતી. ડિસેમ્બરમાં પુરા થયેલા ત્રિમાસિક ગાળામાં એસબીઆઈના નેટ નફામાં ૩૦ ટકાનો વધારો નોંધાયો છે. વધુમાં સારા પરિણામોના આંકડા આવી રહ્યા છે. સેંસેક્સ શુક્રવારે ૨૯૦ પોઈન્ટ ઉછળીને ૨૯૦૯૫ સુધી પહોંચ્યો હતો જ્યારે નિફ્ટી શુક્રવારે ૯૪ પોઈન્ટ ઉછળીને ૮૮૦૬ની સપાટી ઉપર પહોંચ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપમાં ૦.૩-૦.૮ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ફોરેન પોર્ટફોલિયો રોકાણકારોએ ગઈકાલે ૪૦૬.૨૮ કરોડના શેર વેચી દીધા હતા. વૈશ્વિક મોરચે યુરોપિયન શેરબજારમાં તેજી રહી હતી.

# વિન્ડીઝને હરાવી આયર્લેન્ડે ચોંકાવી દીધા

નેલ્સન,તા. ૧૬

નેલ્સન ખાતે આજે રમાયેલી વર્લ્ડ કપ ૨૦૧૫ની ગ્રુપ બીની એક મેચમાં આયર્લેન્ડે મોટો અપસેટ સર્જીને વિન્ડીઝ પર જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝે નિર્ધારિત ૫૦ ઓવરમાં સાત વિકેટે ૩૦૪ રન કર્યા હતા. જેના જવાબમાં આયર્લેન્ડની ટીમ છ વિકેટે ૩૦૭ રન કરીને મેચ જીતી લીધી હતી. આ મેચમાં આયર્લેન્ડના સ્ટાર ખેલાડીઓનો જોરદાર દેખાવ રહ્યો હતો. આયર્લેન્ડે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ વિન્ડીઝે સાત વિકેટે ૩૦૪ રન કર્યા હતા. વિન્ડીઝ તરફથી સિમોન્સે માત્ર ૮૪ બોલમાં નવ ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી ૧૦૨ રન કર્યા હતા. જ્યારે સમ્મીએ ૮૯ રન કર્યા હતા. સમ્મીએ માત્ર ૬૭ બોલમાં આ રન કર્યા હતા. જેમાં નવ ચોગ્ગા અને ચાર છગ્ગાનો સમાવેશ થાય છે. જો કે આયર્લેન્ડે આ રન ૪૫.૫ ઓવરમાં જ બનાવી લઈને ક્રિકેટ ચાહકોને ચોંકાવી દીધા હતા સાથે સાથે વર્લ્ડ કપમાં ભાગ લઈ લઈ રહેલી મોટી ટીમોને પણ ચેતવણી આપી દીધી હતી. આયર્લેન્ડને નબળી ટીમ ગણી રહેલા દેશોને હવે સાવધાન રહેવુ પડશે.

# પ્રદિપ જૈન હત્યા કેસમાં અબુ સાલેમ દોષિત

## સંપત્તિ વિવાદના મામલે ૧૯૯૫માં જુહુ બંગલાની બહાર બિલ્ડર પ્રદિપ જૈનની ક્રૂર હત્યા કરી દેવામાં આવી હતી

મુંબઈ, તા. ૧૬

મુંબઈની ટાડા અદાલતે આજે વર્ષ ૧૯૯૫ના પ્રદિપ જૈન હત્યા કેસમાં પ્રત્યાર્પણ કરીને ભારત લાવવામાં આવેલા ગેંગસ્ટર અબુ સામેલને અપરાધી ઠેરવવામાં આવ્યો હતો. ખાસ ટ્રાયલ જજે અબુ સામેલની



ટ્રાયલ પરિપૂર્ણ કરી લીધી છે. આ ઉપરાંત મહેંદી હસન અને બિલ્ડર વિરેન્દ્રની ટ્રાયલની પ્રક્રિયા પુરી કરી લેવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ ગેંગસ્ટર અબુ સાલેમે સંપત્તિ વિવાદના મામલે જૈનની હત્યા કરાવી હતી. મુંબઈ સ્થિત બિલ્ડર પ્રદિપ જૈનને ૭મી માર્ચ ૧૯૯૫ના દિવસે તેમના જુહુ બંગલાની બહાર ઠાર મારી દેવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપી નમીમ ખાન તાજના સાક્ષી બની ગયા હતા. આ કેસમાં અન્ય એક આરોપી રિયાઝ સિદીકીએ તેમનું નિવેદન પાછુ ખેંચી લીધું હતું. અબુ સાલેમ અને અન્ય આરોપીઓએ આ કેસમાં તેમની ભૂમિકા હોવાનો ઈન્કાર કર્યો હતો. સિદીકીએ પોલીસ સમક્ષ વિસ્તૃત નિવેદન આપ્યું હતું. મોડેથી હત્યામાં તેમની અને સાલેમની ભૂમિકાનો ઈન્કાર કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૯૩માં મુંબઈ સિરિયલ બ્લાસ્ટમાં આરોપી અબુ સાલેમને ૧૧મી નવેમ્બર ૨૦૦૫ના દિવસે પ્રત્યાર્પણ મારફતે ભારત લાવવામાં આવ્યો હતો. ઘણી શરતો સાથે તેને ભારત લવાયો હતો. લાંબી કાયદાકીય લડત અબુ સાલેમના મામલે ભારતે પોર્ટુગલમાં ચલાવી હતી. અંતે ભારતને સફળતા મળી હતી. ત્યારબાદથી અબુ સાલેમ જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ છે. અબુ સાલેમ સામે લાંબા સમયથી પ્રદિપ જૈન હત્યા કેસમાં કાર્યવાહી ચાલી રહી હતી. આજે તેને અપરાધી ઠેરવવામાં આવ્યો હતો.

# BCCI અને IPLને ૪૨૫ કરોડની ફટકારાયેલી નોટિસ

## શ્રીનિવાસ, લલિત મોદી, રમન, મનજીતને નોટિસ : ફોરેક્સ ધારાધોરણોનો ભંગ કરવાનો આક્ષેપ : અહેવાલ

નવીદિલ્હી,તા. ૧૬

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ફોરેક્સ ધારાધોરણના ભંગના સંદર્ભમાં બીસીસીઆઈને કારણદર્શક નોટિસ ફટકારી દીધી છે. ૪૨૫ કરોડની કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે જેના કારણે ચકચાર મચી ગઈ છે. બીસીસીઆઈ અને આઈપીએલને આ કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. નોટિસ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ, સોની એન્ટરટેઈનમેન્ટની ડિવિઝન મલ્ટીસ્ક્રીન મિડિયા (સિંગાપોર) અને વર્લ્ડ સ્પોર્ટ્સ ગ્રુપ (મોરિશિયસ)ને આપવામાં આવી છે. ૪૨૫ કરોડના ધારાધોરણોના ભંગ બદલ આ નોટિસ ફટકારવામાં આવી છે. આ ઉપરાંત આઈપીએલના પૂર્વ કમિશનર લલિત મોદી, એન શ્રીનિવાસન, આઈપીએલના સીઓઓ એસ રમન, એમએસએમના સીઈઓ મનજીતસિંહ, ઈન્ટરનેશનલ મેનેજમેન્ટ ગ્રુપના લીગલ કાઉન્સિલ પૌલ માન, ડબલ્યુએસજી અને એમએસએમના સાત અન્ય ડિરેક્ટરોને પણ નોટિસ ફટકારવામાં આવી છે. ઈડી દ્વારા તમામ પાર્ટીઓને નોટિસ ફટકારવામાં આવી છે. ભારતની બહાર ૪૨૫ કરોડ રૂપિયાની સંપત્તિ ઉભી કરવાનો ઈડી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. ૧૦ વર્ષના આઈપીએલ મેચોના મિડિયા અધિકારને લઈને કૌભાંડની બાબત સપાટી ઉપર આવી છે. ૨૦૦૯થી શરૂ થઈને ડબલ્યુએસજીને આઈપીએલ મેચોના ૧૦ વર્ષના મિડિયા અધિકાર અપાયા હતા. કુલ કોન્ટ્રાક્ટની કિંમત ૪૭૯૨ કરોડ હોવાનું જાણવા મળ્યું છે. તમામ સંબંધિતોને નોટિસ ફટકારવામાં આવ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. ઈડીએ પોતાની રીતે કાર્યવાહી હાથ ધરી છે.

આ મામલામાં વધુ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ, આઈપીએલ અને અન્યો દ્વારા હજુ સુધી કોઈપણ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

# રશીદ મસૂદને સુપ્રીમના જામીન

## અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ ચાર વર્ષ સુધીની જેલની સજા રશીદ મસૂદને કરાઈ હતી : તર્ક વિતર્કોનો દોર શરૂ

નવી દિલ્હી,તા. ૧૬

સુપ્રીમ કોર્ટે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રશીદ મસુદને આજે જામીન આપી દીધા હતા. મેડિકલ એડમિશન કૌભાંડ કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ ચાર વર્ષની જેલની સજા તેને કરવામાં આવી હતી. રાજ્ય સભામાંથી પણ તેમને ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. મસુદે શુક્રવારના દિવસે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. ત્યારબાદ ત્રણ દિવસ પછી જ સુપ્રીમ કોર્ટે જામીન આપી દીધા છે. દિલ્હી હાઈકોર્ટ દ્વારા તેમની જામીન અરજીને ફગાવી દેવામાં આવ્યા બાદ આ આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. વરિષ્ઠ વકીલ અર્ચિત દ્વારા દાખલ કરવામાં આવેલી તેમની અરજીમાં રાજ્યસભાના પૂર્વ સભ્યએ જુદા જુદા આધાર પર જામીનની માંગ કરી હતી અને કહ્યું હતું કે, તેવો ડાયાબિટીસના દર્દી છે. દિવસમાં અનેક વખત ઈન્સ્યુલિનની દવા લેતા હોય છે. અન્ય માંદગીઓ માટે પણ અનેક દવાઓ દિવસમાં લેતા હોય છે. તેઓએ હાઈકોર્ટના આદેશને પડકાર ફેંક્યો હતો. હાઈકોર્ટે ૧૪મી નવેમ્બરના દિવસે તેમની જામીનને મંજુર કરવાનો ઈન્કાર કર્યો હતો. ભ્રષ્ટાચારના કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ તેમની અપીલ છેલ્લા ઘણા સમયથી પેન્ડિંગ રહી હતી. કોંગ્રેસના સાંસદની અરજીના આધાર પર સુપ્રીમ કોર્ટે સીબીઆઈને નોટિસ ફટકારી હતી અને તેમની પાસેથી જવાબની માંગ કરી હતી.

૬૮ વર્ષીય કોંગ્રેસના નેતા ૨૦૧૩માં તેમની રાજ્યસભાની સીટ ગુમાવનાર પ્રથમ સાંસદ બન્યા હતા તે પહેલા સુપ્રીમ કોર્ટે અપરાધી લોકો માટે ચુકાદો આપ્યો હતો. જેમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ સાંસદ સભ્યોને ગેર લાયક ઠેરવવાનો આદેશ કરાયો હતો.

### હરિયાળું હરણોદ્યાન (ચોથા પાનાનું ચાલું...)

અભયવચન આપ્યું છે. તેથી સૈનિકો ચોરોને કોઇ જાતની શિક્ષા ન કરવા બંધાયા એટલે ઘોડા જેવા હતા તેવા જ થઇ ગયા. સૈનિકો ઘોડાને લઇને નીકળી પડ્યાં.

'પછી શું થયું?'

'પછી સૈનિકોએ રાજમાં આવી મલ્હાર રાવ સમક્ષ સાબરમતી નદીના કિનારે ઈન્દ્રેશ્વર મહાદેવની બનેલી ઘટના સવિસ્તાર કહી સંભળાવી. તેથી મલ્હાર રાવ અહીં આવ્યા અને ઈન્દ્રેશ્વર મહાદેવના દર્શન કરી સંતને પ્રણામ કર્યા અને વર્ષાસન બાંધી આપ્યું. જેમાં સૂર્યચંદ્રની સાખે, રાજય અને રાજ વારસો રહે ત્યાં સુધી ૧૬ રૂપિયા અને ૧૦ આની વાર્ષિક વર્ષાસન આપવાનું નક્કી કર્યું. અને ઘોડાઓ ધોડા થવાથી ઈન્દ્રેશ્વર ઉર્ફે ધોળેશ્વર મહાદેવના નામનો તેમના ચોપડે ઉલ્લેખ કર્યો ત્યારથી ઈન્દ્રેશ્વર મહાદેવના ધોળેશ્વર મહાદેવના નામથી ખ્યાતિ પામ્યા છે. ચ્હાનો છેલ્લો ઘુંટ ભરી કપ નીચે મુકતાં દોલતભાઇએ વાત પુરી કરી.'

'અહીં પ્રકૃતિ ઉદ્યાનમાં હવે તો દર વર્ષે લાખો લોકો ફરવા આવે છે. અહીંનું સ્વચ્છ વાતાવરણ. પંખીઓનો કલરવ અને નીલગાય, વાંદરા, મોર જોઇને મુલાકાતીઓ અભિભૂત થઇ જાય છે. વળી કુદરતી જંગલ જેવો દેખાતો કોતરો અને ઝાંડી ઝાંખરાવાળો આ વિસ્તાર શહેરીજીવનની ભાગદોડથી ત્રસ્ત લોકો માટે તો સ્વર્ગ સમાન છે. દોલત ભાઇ તમને એ બધામાં પણ રસ પડે એ સ્વાભાવિક છે. તમે તો વન્યજીવો વિશે તેમાં પણ પંખીઓ અને વન્યપ્રાણીઓ વિષેનાં બે પુસ્તક લખ્યાં છે ખરું ને.'

'હાં મારા વન્ય પ્રાણીઓ અને પક્ષીઓ અંગેના પુસ્તકોનું પ્રકાશન નેશનલ બુક ટ્રસ્ટ દિલ્હી તરફથી કરવામાં આવ્યું છે. તેમાં મેં વન્ય પ્રાણીઓની ખાસિયતો, જીવન પદ્ધતિ અને તેમના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો છે.'

'તો તમે એકાદ વખત અમારા રેડિયો કાર્યક્રમમાં આવીને શ્રોતાઓને તેનો લાભ આપો.' મેં પ્રસ્તાવ મુક્યો.

'કયો કાર્યક્રમ?'

'હરિયાળું ગુજરાત' નામે પ્રાયોજિત કાર્યક્રમ આકાશવાણીના અમદાવાદ કેન્દ્ર પરથી દર રવિવારે આઠ વાગ્યે પ્રસારિત થાય છે. તેમાં આ ક્ષેત્રના જાણકાર લોકોની મુલાકાતો પ્રસારિત થાય છે.

'હા.. હા.. મને યાદ આવ્યું. તેના ટાઇટલમાં તમે લખેલું ગીત પ્રસારીત થાય છે એ જ ને?'

'હાં,'

'એમાં એકાદ વખત હું જરૂરથી આવીશ. અત્યારે તો બહાર જવા નીકળ્યો હતો અને અહીં આવી તમારી પાસે બેસી ગયો.'

'સારું જ થયું, મને ગમ્યું આમ જ ફરી ફરી આવતા રહેજો.'

'ભલે... ભલે... ત્યારે હું નીકળું. કહેતા એ ઉભા થયા.'

એ ગયા પણ હું ઈન્દ્રોડાની પુરાણકથા, લોકમુખે ચર્ચાતી વાતો અને પેશ્વા સમયના ધોળેશ્વરના ઈતિહાસની વાતોને વાગોળતો રહ્યો. મને યાદ આવ્યું આજ તો શિવરાત્રી છે.

# લિબિયામાં આઈએસના અડ્ડા ઉપર હવાઈ હુમલા

કેરો, તા. ૧૬

લિબિયામાં ઈસ્લામિક સ્ટેટના અડ્ડા પર આજે ભીષણ હુમલા કરવામાં આવ્યા હતા. કટ્ટરપંથી સંગઠન આઈએસ દ્વારા કેટલાક ઈજિપ્તિયન કોપ્ટિક ખ્રિસ્તી સમુદાયના લોકોને ગળુ કાપીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. આજે હવાઈ હુમલા કરવામાં આવ્યા હોવાના અહેવાલને ઈજિપ્ત સરકારે સમર્થન આપ્યું હતું. આઈએસના અડ્ડા પર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા.

# સમાચાર ઝલક

- ગુજરાતના દિનેશ ત્રિવેદી તૃણમૂલ કોંગ્રેસના ઉપપ્રમુખ નિમાયા.
- મહાશિવરાત્રીમાં ચાર રજાઓથી ભવનાથ મેળામાં શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ.
- ભાવનગરમાં ૨૮ વર્ષીય અમેરિકન ફેશન ડિઝાઇનર નિશાકુમારીએ દીક્ષા લીધી.
- સુરતમાં ડ્રીમસીટીના ભૂમિપૂજન વખતે મુખ્યમંત્રીના આગમન પહેલા દરવાજો તૂટી પડ્યો.
- મહાશિવરાત્રીના પ્રસંગે શક્કરીયાના ભાવમાં અસહ્ય વધારો.
- ગુજરાતમાં વહેલી સવારે બે દિવસથી ગાઢ ધુમ્મસ છવાયેલું રહે છે.
- મહાશિવરાત્રીની રજા બેંક કર્મચારીઓને ન મળતા કર્મચારીઓમાં રોષ.
- ગુજરાતમાં ૭૮% દવાખાનામાં તબીબો નથી.
- પોલીસની સાવચેતી હોવા છતાં જોધપુરની કોર્ટમાં આશારામનાં સમર્થકો દ્વારા સાક્ષીના પેટમાં છરી વડે હુમલો.
- ઝારખંડમાં ડોક્ટરે આંખના બદલે પેટનું ઓપરેશન કરી નાખ્યું!
- સ્ટેટ બેંકના વડા અરૂંધતીને સૌથી શક્તિશાળી ભારતીય કારોબારી મહિલાઓમાં સ્થાન.
- દેશમાં હાઇવે પર દારૂનાં વેચાણ પર પ્રતિબંધ આવશે.
- દેશની ટોપ સાત કંપનીઓની મૂડીમાં ૫૩,૮૪૧ કરોડનો જંગી વધારો.
- હૃદયરોગના દર્દીઓ માટે સેક્સ સુરક્ષિત છે : સર્વેનું તારણ

### વિચારયાત્રા (ચોથા પાનાનું ચાલું...)

આ બધું પતિપત્નીને એકબીજાથી દૂર કરે છે. પ્રણયસંબંધના પ્રારંભમાં એ બે વચ્ચે જે one to one સંબંધ હતો તે રહેતો નથી. હવે આ બધી જવાબદારીઓ - મહત્વાકાંક્ષાઓ જાણી ઓછી થઈ ગઈ હોય છે. પતિપત્નીને મૂરઝાયેલા સંબંધને પુનર્જીવિત કરવાનો હવે અવકાશ મળે છે. એ સંબંધને એક નવું પરિમાણ આપવાનું હોય છે. નવો આયામ આપવાનો હોય છે. એમ જ કહોને કે હવે નવો યુગલધર્મ આચરવાનો હોય છે. સંબંધમાં સ્નેહ-સાથ સાહચર્ય બધું ખરું પણ સાથે સ્વતંત્રતા અને મોકળાશ ઉમેરવાના હોય છે. આજ્ઞાંકિતતા, સ્પર્ધા અને સ્વામિત્વ નહિ, પણ બન્ને વચ્ચે બે માનવ વ્યક્તિઓનો બંધન - દબાવ કે તાણ વગરનો મૈત્રીભર્યો સંબંધ હોય ! સમીપતા ખરી પણ બન્નેનેં સ્પ્ર્ટીણૂઁ મળવી જોઈએ. મૈત્રીમાં નિકટતા સાથે સ્વતંત્રતા અને સલામતી રહી શકે છે. બન્નેએ હવે પોતપોતાનો સાથે રહીને વિકાસ કરવાનો હોય છે. માત્ર હું અને તું માંથી પ્રેમને જનસમાજ સુધી હવે વિસ્તારવાનો હોય છે. સંકુચિતતાના કોચલામાંથી બહાર નીકળવાનો હવે સમય હોય છે.

હવે એ સત્ય સમજવાનું છે કે પ્રેમ એકબીજાંને નિહાળતાં બેસવામાં જ નથી આવી જતો, પણ પતિપત્ની બન્ને સાથે બહાર દષ્ટિ કરે અને એક દિશામાં જોતાં રહે એમાં રહેલો છે. જયારે આમ થાય છે ત્યારે લગ્નજીવનનું પોત - ટેક્સચર - મજબૂત થાય છે અને બન્નેના સંબંધનો અનુબંધ દઢ બને છે.

પ્રેમની અવસ્થા જોઈએ. પહેલાં રોમાંટિક પ્રેમ અને પછી ધીમે ધીમે એકબીજાં પ્રત્યે ભક્તિભાવ - devotion અને એમ કરતાં કરતાં પ્રાજ્ઞ થાય છે બે આત્માનું- બે દિલનું સાહચર્ય. બન્ને એક છતાં અલગ. સાથે અને સંગે છતાં સ્વતંત્ર અને તણાવ રહિત. એમાં અન્યોન્ય પર અવલંબન હોય છે. અનુભવોની ભાગીદારી હોય છે. એનાં પોતમાં વણાયેલા હોય છે, જીવનના સાથે કરેલા સંઘર્ષો-વિજય-આશાનિરાશાની સ્મૃતિ. બહાર સાથે અને એક જ દિશામાં કામ કરવાથી બન્ને વચ્ચે શુદ્ધ સખ્યનો સંબંધ રચાય છે.

પ્રારંભનો જે રોમાંટિક પ્રેમ હતો એને - એ સંબંધની યથાર્થતાને મુદત કે સાતત્ય સાથે સંબંધ નથી. સાતત્ય એટલે જ લગ્ન, પરંતુ સાતત્યનો અર્થ એ નથી કે એ પ્રેમનું સ્વરૂપ એક સરખું જ રહે. દામ્પત્યજીવન નાટકના બીજા અંકમાં મહત્વાકાંક્ષા અને વસ્તુઓના સંચયને તરડાતા જવાના છે. સાથે સાથે અહં અને અભિમાનને પણ. પહેલાંની મહત્તાને ફગાવી દેવાની છે. જે મહોરું સ્પર્ધાત્મક દુનિયામાં રક્ષણ મેળવવા માટે પહેર્યું હતું તે દૂર કરવાનું ને હવે પોતે પોતે થવાનું છે. We have to be our own self. આનંદ છે મુક્તિનો. પ્રેમનું બંધન હોય છતાં એમાં સ્વતંત્રતા હોય - મોકળાશ હોય. સાથે છતાં અલગ. બન્ને એક છતાં બે માનવ વ્યક્તિઓ. આધ્યાત્મિક વિકાસના સહયોગીઓ...

આવો નવો સંબંધ-બે વ્યક્તિઓનો વ્યક્તિ તરીકેનો-બે માનવ વચ્ચેનો આધ્યાત્મિક અને તણાવમુક્ત સહેલાઈથી નિર્માણ થતો નથી. ધીમે ધીમે એને વિકસાવવાનો હોય છે... સંસ્કૃતિના વિકાસની માફક. આ અવસ્થા એક સુખદ અકસ્માત તરીકે કે બક્ષિસ તરીકે નથી આવી જતી, પરંતુ એ સિદ્ધિ રૂપે-ઉત્ક્રાંતિરૂપે સર્જાવી જોઈએ. બન્ને જીવનસાથીઓના મહત્વના વિકાસના પરિપાકરૂપે હોવી જોઈએ.

આનું સુંદર દષ્ટાંત શ્રીમતી એન લેન્ડબર્ગે આપ્યું છે. નૃત્યખંડમાં સ્ત્રી અને પુરુષ નૃત્ય કરી રહ્યાં છે. નૃત્યમાં જોડીદારોએ એકબીજાંને ટાઈટ પકડી રાખવાનાં હોતાં નથી. તમે જો જોરથી પકડી રાખો તો નૃત્યની પેટર્નમાં ખામી આવે. એની ગતિમાં અવરોધ આવે. એમાં જોડીદારને જોરથી પકડી રાખવાનો નથી હોતો. ગતિ માટે હળવો મૃદુ સ્પર્શ પૂરતો છે. બન્ને ક્યારેક એકબીજાંની સામે હોય - ક્યારેક બન્નેની પીઠ લગોલગ હોય - કશો જ વાંધો નથી આવતો. તેઓ જાણે છે કે સાથીદાર પણ એ જ સમાન લયમાં અને તાલમાં ગતિ કરશે. જો કોઈ સંગીતના તાલમાં ન રહે અને લય જાળવે નહિ તો સારું નૃત્ય ન થઈ શકે. એમાં કોઈએ પાછળ પણ નથી રહેવાનું અને આગળ પણ નહિ. યોગ્ય તાલ અને સૂર પર થોભવાનું. આ સુંદર નૃત્યની આવશ્યકતા છે. એમાં આસાની હોય છે. સરસ નૃત્યની આ ટેકનિક છે, તે જ ટેકનિક સરસ દામ્પત્ય સંબંધની છે. પ્રણયજીવનને સલામતી, માલિકી કે સ્વામિત્વમાં જકડી રાખવાનું નથી હોતું.

ખલિલ જિબ્રાન કહે છે તેમ, પતિપત્ની બન્ને એકબીજાંની સામે જોતાં બેસી રહે તેમાં જ પ્રેમ સમાજ્ઞ થતો નથી. એક રોટલો હોય અને બન્ને સાથે બચકું ભરે તે બરાબર નથી. બન્નેએ સાથે વહેંચીને ખાવાનો છે. ખલિક જિબ્રાને આગળ કહ્યું છે સાથે ગાજો અને નાચજો તથા હર્ષથી ભરાજો. પણ બેઉ એકાકી જ રહેજો, જેમ વીણાના તારો એક જ સંગીતથી ગૂંજતા છતાં પ્રત્યેક છૂટો હોય છે તેમ! સાથે ભાં રહેજો પણ એકબીજાંની અડોઅડ નહિ, દેવદાર અને સાગ એકબીજાંની છાયામાં ગતાં નથી.